કુલ પેજ : ૩૬

# જાગૃતિ સંદેશ

કિંમત : રૂા. ૫.૦૦

પરસ્પર પરિચય અને પ્રેમથી પાંગરતો પરિવાર

વર્ષ : ૧૪ – સળંગ અંક : ૧૭૭ – સપ્ટેમ્બર -૨૦૧૪


## કોણ ભવિષ્યવાણી ભાખી શકે...
## આ બાળક... આ કિશોર... આ યુવાન... આ ગૃહસ્થ...
## ભવિષ્યમાં વીસમી સદીનો જગતનો મહામાનવ બનવાનો છે!!!



# ફુલ્લી ફર્નિશ્ડ લક્ઝરી હોમ્સ
# ₹ 15*લાખ કરતાં ઓછી કિંમત



NIRVANA ALIVE
પાલી–ખોપોલી રોડ





શૉ ફ્લૅટની ખરેખરી તસવીર (લિવિંગ એરિયા)


શૉ ફ્લૅટની ખરેખરી તસવીર (બેડરૂમ)


જૈન મંદિર


## પાલી-ખોપોલી રોડ પર મુંબઈ થી 2 કલાકથી પણ ઓછા અંતરે

- વાશી – 68 કિમી
- થાણે – 82 કિમી
- દાદર – 88 કિમી
- અંધેરી – 91 કિમી
- જૈન દેરાસર – 1 કિમી
- ઍડલૅબ્સ ઇમેજિકા – 13 કિમી
- પાલી બલ્લાલેશ્વર મંદિર – 16 કિમી (સાઈટ પછી)

## દરેક માટે લાઈફસ્ટાઈલ સુખસુવિધાઓ

- ક્લબહાઉસ અને પૂલ
- રેસ્ટોરંટ
- સ્પા અને ફિટનેસ સેન્ટર
- ઈન્ડોર બેડમિન્ટન કૉર્ટ
- સાઈકલિંગ ટ્રૅક અને જોગિંગ પાથ
- ચિલ્ડ્રન્સ પ્લે એરિયા
- સીનિયર સિટિઝન સિટ-આઉટ





**જૈન જાગૃતી સેન્ટર ના સભ્યો માટે ખાસ ઓફર.**
**15 જૂન 2014 પેહલા બુક કરો અને મેળવો 10 ગ્રામ સોના નો સિક્કો, મફત.**

ADVT

પ્રોજેક્ટ અપ્રુવ્ડ દ્વારા इण्डियन ओवरसीज़ बैंक Indian Overseas Bank Good people to grow with

કૉલ કરો : 022 - 40272829, +91 98696 49863.
www.nirvanaalive.in • info@nirvanaalive.in

**સાઈટ ઑફિસ :** જાંભુલપાડા, પડઘવલી, પાલી – ખોપોલી રોડ, જિ. રાયગઢ, મહારાષ્ટ્ર. • **સેલ્સ ઑફિસ :** 408, મેડોઝ, સહાર પ્લાઝા, જે.બી. નગર, અંધેરી (પૂ), મુંબઈ – 59. *બેઝિક યુનિટ પ્રાઈઝ. કરવેરા અને અન્ય ચાર્જીસ અલગથી. દરેક યુનિટમાં ફર્નિચર, ઈલેક્ટ્રૉનિક્સ, ઈલેક્ટ્રિકલ આઈટમો, ફિક્ચર્સ અને અન્ય સુવિધાઓનો ખર્ચ બેઝિક યુનિટ કિંમતમાં સામેલ છે અને ડેવલપર દ્વારા માત્ર એક વારના બેસિસ પર પૂરો પડાશે. ખરેખરી તસવીર લખ્યું છે એ છોડીને દર્શાવેલી બધી જ તસવીરો માત્ર નિર્દેશ અર્થે જ છે. વિવિરણો, પ્લાન્સ, ડિઝાઈનો, લેઆઉટો, સગવડો, એમેનિટિઝ વગેરે કોઈપણ પૂર્વ–સૂચના વગર ફેરફારને આધિન છે. નિયમો અને શરતો લાગુ.

# જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ

## જાગૃતિ સંદેશ

૨૦૧, માથારૂ આર્કેડ, સુભાષ રોડ, વિલેપાર્લા (પૂર્વ), મુંબઈ-૫૭. ફોનઃ ૬૬૯૭૩૦૩૮/૬૫૭૨૬૬૩૬
www.jainjagruti.com
E-mail : admin@jainjagruti.com
editor@jainjagruti.com

માનદ્ તંત્રી : **શ્રી રમેશ એમ. સંઘવી**
સહતંત્રી : **શ્રી અશોક એ. શાહ**



### કેબિનેટ કમિટી

| | |
|---|---|
| ચેરમૅન | : શ્રી રમેશ જે. મોરબિયા |
| તા.ભૂ.પૂ.ચૅરમૅન | : શ્રી જિતેન્દ્ર એસ. કોઠારી |
| ફાઉન્ડર ચૅરમૅન | : શ્રી ચીમનલાલ એસ. ગોસલિયા |
| વાઈસ ચૅરમૅન | : શ્રી સંજય બી. શાહ |
| | શ્રી દીનેશ એલ. નાણાવટી |
| સેક્રેટરી જનરલ | : શ્રી પ્રફુલ્લ વી. કામદાર |
| સેક્રેટરી | : શ્રી કિશોર એસ. શેઠ |
| | શ્રી જયંતીલાલ કે. છાડવા |
| | શ્રી ઉદય ડી. સંઘવી |
| | શ્રી દ્વિજેશ પી. શાહ |
| ડેવલપમેંટ સેક્રેટરી | : શ્રી અનિલ જી. દોશી |
| ખજાનચી | : શ્રી રાજેશ સી. ગાંધી |
| | શ્રી રાજેશ આર. ભણસાલી |
| તંત્રી | : શ્રી રમેશ એમ. સંઘવી |

### જેજેસી-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ-કમિટી

| | |
|---|---|
| ચૅરમૅન | : શ્રી કિશોર એન. શાહ |
| તા.ભૂ.પૂ.ચૅરમૅન | : શ્રી કિરણ એચ. શાહ |
| વાઈસ ચૅરમૅન | : શ્રી ચંદ્રવદન આર. શાહ |
| વાઈસ ચૅરમૅન | : શ્રી રમેશ જે. મોરબિયા |
| સેક્રેટરી | : શ્રી જિતેન્દ્ર એસ. કોઠારી |
| સેક્રેટરી | : શ્રી સંજય બી. શાહ |
| જો. સેક્રેટરી | : શ્રી પ્રફુલ્લ વી. કામદાર |
| ખજાનચી | : શ્રી હસમુખ કે. દેઢિયા |
| સહખજાનચી | : શ્રી અનિલ જી. દોશી |

**: ટ્રસ્ટીઓ :**

| | |
|---|---|
| શ્રી પ્રવીણ જી. શાહ | શ્રી કમલેશ સી. શાહ |
| શ્રી કિશોર એસ. શેઠ | શ્રી હર્ષદ જે. ગાંધી |
| શ્રી જયંતી કે. છાડવા | શ્રી નીતિન એમ. સંઘવી |
| શ્રી રસિક એન. કોઠારી | શ્રી શૈલેશ ડી. શાહ |
| શ્રી રાજેશ આર. ભણસાલી | શ્રી રાજેશ સી. ગાંધી |
| શ્રી પ્રવીણ એ. શાહ | શ્રી રવજી જી. ગાલા |

શ્રી રમેશ એમ. સંઘવી

- પત્રિકામાં પ્રગટ થતા લેખો કે વિચારો લેખકના અંગત છે. તેની સાથે સંસ્થા કે તંત્રી સહમત છે એમ માની લેવું નહીં.
- કાનૂની કાર્યવાહીનું અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.

છૂટક મૂલ્ય રૂા.૫/- વાર્ષિક લવાજમ રૂા.૫૦/-


## Message From The CHAIRMAN.....



**પ્રિય સ્નેહાળ સભ્યો,**

જય જિનેન્દ્ર,

મિચ્છા મિ દુક્કડમ્. આટલી મોટી સંસ્થાના વહીવટ અન્વયે ઘણી વાર વહીવટી સગવડતા માટે તથા અનુશાસન માટે કોઈ કોઈ કડવા નિર્ણય લેવા પડે છે. ક્યારેક ક્યારેક કડક વલણ અપનાવવું પડે છે. ક્યારેક સર્વાંગી હિતમાં કોઈને અપ્રિય લાગે તેવું પગલું ભરવું પડે છે, પરંતુ આ બધા માટે સંસ્થાનો વિકાસ જ મધ્યમાં હોય છે. તેથી પૂરા વર્ષ દરમિયાન કોઈને અમારાથી જાણે-અજાણે કંઈ માઠું લાગ્યું હોય તો હૃદયના ઊંડાણથી મન-વચન-કાયાથી ક્ષમા માગીએ છીએ – 'મિચ્છા મિ દુક્કડમ્.'

જે રીતે સમાચાર આવી રહ્યા છે તે ઉપરાંત આજુબાજુમાં નજર રાખીએ તો આ વર્ષે ચાતુર્માસ દરમિયાન ખૂબ જ કઠિન આરાધના અને તપસ્યા થઈ છે, જેમાંથી નાનાં-નાનાં બાળકો પણ બાકાત નથી, જે દર્શાવે છે કે જૈન સંપ્રદાયમાં ફિરકા અને વાડાઓથી પર રહી ધાર્મિક ઉછાળ આવેલો છે. છેવટે જગતને આંધીમાંથી બચવા માટે જૈન ધર્મ જ કામમાં આવશે. ભારત સિવાય દુનિયાના અન્ય ભાગમાં હિંસાનું જે તાંડવ ખેલાઈ રહ્યું છે તે મહાભયંકર અને વિનાશકારી અને માનવતાવિહીન છે. ઈરાકનો દાખલો આપણી સમક્ષ છે, જ્યાં માનવતા મરીપરવારી છે. એક જ રાષ્ટ્રના અને એક જ ધર્મના લોકો શેના માટે મોતની હોળી ખેલી રહ્યા છે તે આપણી સમજમાં આવતું નથી. છેવટે તેમના હાથમાં શું આવવાનું છે. ભગવાન મહાવીર અને મહાત્મા ગાંધીના અહિંસાવાદના સિદ્ધાંતની જ અત્યારે ખાસ જરૂર છે. સત્ય અને અહિંસા વડે આ લોકોનો હૃદયપલટો થઈ શકે. બાકી 'ખૂન કા બદલા ખૂન'થી ક્યારેય શાંતિ સ્થપાશે નહીં, એટલું આ આતંકવાદીઓને સમજાવી શકાય તો શાંતિ હાથવેંતમાં છે.

છેલ્લા ચોમાસાના ચાર મહિના દરમિયાન અલગઅલગ સંપ્રદાયમાં સર્વે ધર્માનુરાગીઓ પોતપોતાના ધર્મમાં લીન હતા. ભારતમાં ક્યાંય ધર્મના નામે મોટી હિંસા-તોફાન કે તાંડવ થયાં નથી. આટલો મોટો દેશ છે, તેથી નાનાં-મોટાં છમકલાં થાય, પણ તે બહુ જ નગણ્ય છે. માનનીય શ્રી નરેન્દ્ર મોદીના નિરપેક્ષ વહીવટમાં દેશ વિકાસના માર્ગે જવા તલપાપડ બની રહ્યો છે. વર્ષોથી નિષ્પ્રાણ બની રહેલા વહીવટમાં નવો પ્રાણવાયુ ફુંકાઈ રહ્યો છે. અસંખ્ય કસોટીવાળા કંટકમાંથી દેશ અનુશાસન તરફ ધીમી છતાં મક્કમ ગતિએ આગળ વધી રહ્યો છે તે તો દેખાઈ જ આવે છે. સુશાસન માટે કાયદાઓ તો આપણી પાસે ઢગલાબંધ છે, પરંતુ તેનો અમલ કરવા માટે જરૂરી યંત્રણા આપણી

પાસે નથી. તે બધાનું સમીકરણ ઉકેલવા તરફ ડગ માંડી રહ્યા છીએ. સાથેસાથે મોદીસાહેબના વ્યક્તિત્વ વડે દુનિયાનાં અન્ય રાષ્ટ્રોમાં ઘસાઈ ગયેલી ભારતની છબી ઊજળી થઈ રહી છે. નેપાળ-ભુતાન-બ્રાઝિલ, શાર્ક દેશ અને છેલ્લે જાપાન જેવા દેશો આપણા વડા પ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની તેજોવાણી અને ભાવનાથી હિપ્નોટાઇઝ થઈ રહ્યા છે અને હવે અમેરિકાનો વારો છે. અત્યાર સુધી મોદીના વીઝા (Vizza) રિજેક્ટ કરનાર અમેરિકા ભારોભાર પસ્તાતું હોય તેવું અમેરિકન રાજપુરુષોનાં કથન પરથી દેખાઈ આવે છે, પરંતુ જે થાય એ સારા માટે જ થાય તેવું આપણે માનીએ છીએ.

૧૯૫૨માં પ્રથમ લોકસભામાં ત્યારના વડા પ્રધાન શ્રી જવાહરલાલ નહેરુએ કહેલું કે કોઈ પણ સબળ લોકશાહી માટે વિરોધ પક્ષનું મહત્ત્વ બહુ જરૂરી છે, પરંતુ ત્યાર પછી વિરોધ પક્ષનો, પછી તે ગમે તે પાર્ટી હોય, પણ અ-સહિષ્ણુ વિરોધ તથા વિરોધ કરવા ખાતર જ વિરોધ સપાટી પર આવ્યો જેણે દેશની દશા ખરાબ કરી નાખી. સત્તા પર રહેલી પાર્ટી જો સમુદ્રમંથન કરી અમૃતકુંભ લઈ આવે તોપણ તેનો પૂર્વગ્રહયુક્ત, બિનખેલદિલીપૂર્વકનો વિરોધ કરવો એ વિરોધ પક્ષનો ધર્મ બની ગયો છે. અત્યારે એવું જ થઈ રહ્યું છે. કોઈ પણ સારાં કામોને બિરદાવવાને બદલે અવખોડવાનું કામ જોરમાં ચાલી રહ્યું છે, પણ મોદીસાહેબ છે જે હાથીની ચાલે પ્રગતિ તરફ જઈ રહ્યા છે. (હાથીની ચાલ કોને કહેવાય એ તો તમને ખબર જ હશે).

આ વર્ષે ૧૫મી ઑગસ્ટના રોજ રિવાજ પ્રમાણે લાલ કિલ્લા પરથી કરોડો લોકોના હૃદયસમ્રાટ સમાન માનનીય વડા પ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રજોગું અભૂતપૂર્વ ભાષણ આપ્યું જે ખૂબ જ પ્રેરક હતું, જેની શાબ્દિક વૅલ્યૂ કરતાં ભાવ વૅલ્યૂ ઘણી જ હતી. ઘણા સારા સારા રાષ્ટ્રઉપયોગી વિકાસકાર્યો તરફ દોરી જતા મુદ્દાઓ રજૂ કર્યા જે પૂરા રાષ્ટ્રએ એકચિત્તે સાંભળ્યા. આ ભાષણનું સૌથી મોટું આશ્ચર્ય એ હતું કે દોઢ કલાકના ભાષણમાં તેમણે ક્યાંય પૂર્વલખાણનો ઉપયોગ કર્યો નહીં, જે અત્યાર સુધીનો રેકર્ડ છે. નહેરુ પછી પ્રથમ વાર કોઈ પણ પ્રકારની કૉન્ટ્રોવર્સી કે શાબ્દિક ચર્ચા થાય તેની પરવા કર્યા વિના બિન્દાસ રીતે વક્તવ્ય આપ્યું જે ખૂબ જ અર્થપૂર્ણ હતું. પૂરું ભાષણ તો સર્વેએ સાંભળેલું છે, પરંતુ મારે એક ઉલ્લેખ ખાસ કરવો છે જેને આપણા જૈન સમુદાય સાથે સંબંધ છે. નિઃશંક વાત છે કે ‘જય જવાન’ અને ‘જય કિસાન’ બન્ને રાષ્ટ્રનાં મૂળભૂત અંગ છે. જવાન દેશની રક્ષા કરે છે અને કિશાન જગતનો તાત છે જે અનાજ પેદા કરે છે. સાથેસાથે ત્રીજા એક અગત્યના અંગની કાયમ માટે ઉપેક્ષા કરવામાં આવતી હતી તે ‘ઉત્પાદક’ (Manufacturer)નો ખાસ ઉલ્લેખ કરી તેને મહત્ત્વ આપ્યું. તેમણે કહ્યું કે હિંદુસ્તાની પ્રજાની દરેકેદરેક જરૂરિયાત ભારતમાં બનવી જોઈએ જેથી ખૂબ જ મહેનતથી કમાવેલ હૂંડિયામણ બહારના દેશમાં ચાલ્યું ના જાય અને દેશના યુવાનોને રોજીરોટી મળી રહે તે માટે તેમણે સૂત્ર આપ્યું "Make in India". આપણી કમનસીબી છે કે આપણે એવી પૉલિસી ધારણ કરી છે કે રક્ષાબંધન ૧૦૦ ટકા ભારતનો જ તહેવાર હોવા છતાં કંટેનરો ભરીને લાખો રૂપિયાની રાખડી આપણે ચીનથી મગાવીએ છીએ. શું આપણે રાખડી બનાવી શકીએ નહીં? ચીનને તો રાખડી સાથે કોઈ સંબંધ જ નથી. એવી જ રીતે દિવાળી પર કરોડો રૂપિયાની લાઈટિંગ સિરીઝ ચીનથી મગાવીએ છીએ જે આપણા કરતાં ઘણી સસ્તી અને બિનટકાઉ હોય છે. આ તો થોડા દાખલા આપ્યા. આવું તો દરેક વસ્તુમાં છે. સારું થયું કે આપણા માનનીય વડા પ્રધાનની નજરમાં આ પ્રકરણ આવી ગયું. હવે ઈન્ડસ્ટ્રીયલ પૉલિસીમાં ધરખમ ફેરફાર થયા પછી આપણે ત્યાં બેકારી ઓછી થશે. યુવાનો કામે લાગશે અને હૂંડિયામણ વધશે. ધન્યવાદ છે વડા પ્રધાનને તેમની અગમ બુદ્ધિ માટે.

દશ વર્ષ પહેલાં હાયર ઍજ્યુકેશન અભિયાન શરૂ કર્યું ત્યારે જૈન સમુદાયના શ્રેષ્ઠિઓને-દાતાઓને આ અભિયાનમાં ઍજ્યુકેશન માટે ડોનેશન આપવાનું સમજાવવું બહુ કઠિન કાર્ય હતું, કારણકે ત્યારે આસ્થા ધર્મ પ્રત્યે જ હતી. ઍજ્યુકેશન માટે અભિયાન ચલાવવું તે સાધર્મિક ભક્તિનો એક ભાગ છે એવું સમજાવતા આપણને વર્ષો લાગ્યાં, પરંતુ મને કહેતા આનંદ થાય છે કે તે બાબતમાં આપણે આંશિક સફળ થયા છીએ. સમાજ જો ભણેલો હશે તો જ શાંતિ અને સમૃદ્ધિ આવશે અને તો જ ધર્મ ટકશે એવું હવે નિર્વિવાદ છે, તેનું પરિણામ સ્પષ્ટ રીતે દેખાઈ આવે છે.

આ વર્ષે ઍજ્યુકેશનના ઉપસારમાં જે ‘ટર્નિંગ પૉઈન્ટ’ નાટક આપણે નિર્માણ કર્યું તેનું Impact ધાર્યા પ્રમાણે આવેલ છે. છતાં ઘણાં સેન્ટર જ્યાં નાટ્યગૃહ નથી તે સેન્ટરો તેની અસરમાંથી વંચિત રહી ગયાં છે. આના ઉપાય તરીકે આ નાટકની એક CD નિર્માણ પામી રહી છે જે બની ગયા પછી દરેક નાનાં સેન્ટરોને મોકલવામાં આવશે ત્યારે તેમના મેમ્બરોને અને ગામના શ્રેષ્ઠિઓને આ CD બતાવવી જરૂરી છે જેથી તેમની આસ્થામાં પરિવર્તન આવશે જ તેવી મને ખાતરી છે.

"Let us Hope for the Best." જે થઈ રહ્યું છે તે સારા માટે જ થઈ રહ્યું છે.

*લિ. રમેશ મોરબિયા*
*ચૅરમૅન: જે.જે.સી. - સેન્ટ્રલ બોર્ડ*

# મનોરંજનની અટારીએથી

| જે.જે.સી. | | તારીખ | કાર્યક્રમ | |
|---|---|---|---|---|
| ● અમૃતનગર | : | ૨૬-૦૭-૧૪ | નાટક : 'થોડું લૉજિક થોડું મૅજિક' | ✉ |
| | | ૧૨-૦૮-૧૪ | 'લાઈવ ગણેશજીનાં દર્શન' | ★ |
| ● બીચ સાઈડ | : | ૦૪-૦૮-૧૪ | નાટક : 'પિક્ચર હજી બાકી છે દોસ્ત' | ✉ |
| | | ૧૨-૦૮-૧૪ | નાટક : 'ગુજ્જુભાઈ બન્યા દબંગ' | ✉ |
| ● બોરીવલી | : | ૦૭-૦૮-૧૪ | નાટક : 'જય શ્રીકૃષ્ણ ડાર્લિંગ' | ▲ |
| | | ૨૦-૦૮-૧૪ | મૂવી : 'સિંઘમ રિટર્ન્સ' | ✉ |
| ● ભૂજ | : | ૦૫-૦૮-૧૪ | રંગારંગ : 'જાગો હિંદુસ્તાની' | ✉ |
| ● ચેંબુર | : | ૨૯-૦૭-૧૪ | મૂવી : 'કિક' | ✉ |
| | | ૧૧-૦૮-૧૪ | નાટક : 'પિક્ચર હજી બાકી છે દોસ્ત' | ★ |
| | | ૨૦-૦૮-૧૪ | મૂવી : 'સિંઘમ રિટર્ન્સ' | ✉ |
| ● દાદર | : | ૦૩-૦૮-૧૪ | મૂવી : 'કિક' | ✉ |
| | | ૨૧-૦૮-૧૪ | મૂવી : 'સિંઘમ રિટર્ન્સ' | ✉ |
| ● જુહુ | : | ૦૫-૦૭-૧૪ | નાટક : 'મૅરેજ ફિક્સિંગ' | ✉ |
| | | ૦૭-૦૭-૧૪ | મૂવી : 'એક વિલન' | ✉ |
| | | ૦૯-૦૭-૧૪ | મૂવી : 'બૉબી જાસૂસ' | ✉ |
| | | ૧૭-૦૭-૧૪ | મૂવી : 'હમ્ટી શર્મા કી દુલ્હનિયાઁ' | ▲ |
| | | ૦૫-૦૮-૧૪ | નાટક : 'થોડું લૉજિક થોડું મૅજિક' | ▲ |
| | | ૦૬-૦૮-૧૪ | મૂવી 'કિક' | ▲ |
| | | ૧૩-૦૮-૧૪ | મૂવી : 'એન્ટરટેઈન્મેન્ટ' | ✉ |
| | | ૧૫-૦૮-૧૪ | મૂવી : 'સિંઘમ રિટર્ન્સ' | ✉ |
| ● જુહુ બીચ | : | ૧૮-૦૮-૧૪ | રંગારંગ : 'આદિત્ય નારાયણ લાઈવ કૉન્સર્ટ' | ✉ |
| ● કાંદિવલી | : | ૦૬-૦૮-૧૪ | નાટક : 'થોડું લૉજિક થોડું મૅજિક' | ▲ |
| ● લે. વિં. સેન્ટ્રલ મુંબઈ | : | ૧૩-૦૮-૧૪ | નાટક : 'જય શ્રીકૃષ્ણ ડાર્લિંગ' | ✉ |
| ● મુલુંડ | : | ૩૦-૦૭-૧૪ | હસાયરો : 'સાંઈરામનું હાસ્યનું હુલ્લડ' | ✉ |
| | | ૦૭-૦૮-૧૪ | નાટક : 'ગુજ્જુભાઈ બન્યા દબંગ' | ✉ |
| | | ૧૪-૦૮-૧૪ | રંગારંગ : 'ઑર્કેસ્ટ્રા' | ✉ |
| ● મુંબઈ | : | ૦૩-૦૮-૧૪ | નાટક : 'થોડું લૉજિક થોડું મૅજિક' | ★ |
| ● મલાડ | : | ૧૩-૦૮-૧૪ | નાટક : 'મૅરેજ ફિક્સિંગ' | ★ |
| ● નવી મુંબઈ | : | ૩૦-૦૭-૧૪ | નાટક : 'મૅરેજ ફિક્સિંગ' | ★ |
| | | ૧૧-૦૮-૧૪ | નાટક : 'જય શ્રીકૃષ્ણ ડાર્લિંગ' | ✉ |
| | | ૨૦-૦૮-૧૪ | નાટક : 'તું રશ્મિકાંત તો હું રજનીકાંત' | ✉ |
| ● નોર્થ ઈસ્ટ | : | ૦૭-૦૮-૧૪ | નાટક : 'પિક્ચર હજી બાકી છે દોસ્ત' | ★ |
| ● પેડર રોડ | : | ૦૩-૦૮-૧૪ | મૂવિ : 'કિક' | ✉ |
| | | ૧૫-૦૮-૧૪ | મૂવી : 'સિંઘમ રિટર્ન્સ' | ✉ |

| | | | | |
|---|---|---|---|---|
| ● પિંક પંતનગર | : ૦૬-૦૮-૧૪ | મૂવિ | : ‘કિક’ | ▲ |
| | ૧૩-૦૮-૧૪ | નાટક | : ‘ગુજ્જુભાઈ બન્યા દબંગ’ | ▲ |
| | ૧૭-૦૮-૧૪ | મૂવી | : ‘સિંઘમ રિટર્ન્સ’ | ✉ |
| ● રજવાડી | : ૦૧-૦૮-૧૪ | નાટક | : ‘પિક્ચર હજી બાકી છે દોસ્ત’ | ★ |
| | ૨૦-૦૮-૧૪ | ઑર્કેસ્ટ્રા | : ‘મોસમ ભીગા ભીગા’ | ✉ |
| ● રોયલ જગડુશા | : ૦૮-૦૮-૧૪ | નાટક | : ‘પિક્ચર હજી બાકી છે દોસ્ત’ | ✉ |
| ● શિવાજી પાર્ક | : ૦૮-૦૮-૧૪ | રંગારંગ | : ‘મ્યુઝિકલ તંબોલા’ | ✉ |
| | ૧૮-૦૮-૧૪ | મૂવી | : ‘સિંઘમ રિટર્ન્સ’ | ✉ |
| ● સાયન-માટુંગા | : ૨૭-૦૭-૧૪ | મૂવિ | : ‘કિક’ | ✉ |
| | ૦૭-૦૮-૧૪ | — | : ‘માઈન્ડ ઈટ’ | ✉ |
| | ૧૮-૦૮-૧૪ | મૂવી | : ‘સિંઘમ રિટર્ન્સ’ | ✉ |
| ● વિલે પાર્લે | : ૦૨-૦૮-૧૪ | — | : 'Women's Empowerment' | ✉ |
| | ૧૫-૦૮-૧૪ | ઑર્કેસ્ટ્રા | : ‘ગીત – મધુરાં’ | ▲ |
| ● વાપી | : ૨૭-૦૭-૧૪ | મૂવી | : ‘કિક’ | ✉ |
| | ૦૨-૦૮-૧૪ | નાટક | : ‘ટર્નિંગ પોઈન્ટ’ | ✉ |
| | ૧૭-૦૮-૧૪ | મૂવી | : ‘સિંઘમ રિટર્ન્સ’ | ✉ |
| ● વસઈ | : ૨૭-૦૭-૧૪ | મૂવી | : ‘કિક’ | ✉ |
| | ૦૨-૦૮-૧૪ | ઑર્કેસ્ટ્રા | : ‘દિલને ફિર યાદ કિયા’ | ✉ |

સંજ્ઞા : કાર્યક્રમ – જમણ સાથે ★ જમણ વિના (ડ્રાય) ✉ સ્નેક્સ ▲

## આગામી પ્રવાસ-પર્યટન-પિકનિક-ધર્મયાત્રા

| જે.જે.સી. | પ્રવાસ સ્થળ | દિનાંક |
|---|---|---|
| અમૃતનગર | નાગેશ્વર તીર્થ યાત્રાપ્રવાસ | ૦૯-૧૦-૨૦૧૪થી ૧૪-૧૦-૨૦૧૪ |
| જુહુ | શ્રી શિખરજી-ઋજુવાલિકા-પાવાપુરી-ક્ષત્રિયકુંડ-ગુણિયાજી-રાજગૃહી-કુંડલપુર યાત્રાપ્રવાસ | ૧૮-૧૦-૨૦૧૪થી ૨૭-૧૦-૨૦૧૪ |
| વિલે પાર્લે | લોઢાધામ-નંદીગ્રામ-તલાસરી-મહાવીરધામ-પુણ્યધામ | ૦૯-૦૯-૨૦૧૪ |

## પ્રવાસ-પિકનિક-ધર્મયાત્રા સંપન્ન

| જે.જે.સી. | પ્રવાસ સ્થળ | દિનાંક |
|---|---|---|
| ભુજ | ‘હાફ-ડે પિકનિક : શિવાનંદ બાલકાશ્રમ’ | ૦૭-૦૯-૨૦૧૪ |
| દાદર | ‘ટ્રીટ રિસોર્ટ’ | ૧૭-૮-૨૦૧૪ |
| કાંદિવલી | ‘ગિરનાર મહાતીર્થનું માહાત્મ્ય’ | ૦૩-૦૮-૨૦૧૪ |
| વસઈ | ‘સાઈલંટ હિલ રિસોર્ટ’ | ૦૮-૦૬-૨૦૧૪ |

# જેજેસીની આજકાલ

## ડાયાલિસીસ કૅમ્પ

### જેજેસી-ભુજ



૨૦મી સદી ઘણા રોગ લઈને આવેલી, જેમાં ડાયાબિટીસ અને હૃદયરોગ મુખ્ય છે. હિંદુસ્તાનની ૪0% વ્યક્તિ ડાયાબિટીસથી પીડાય છે. ડાયાબિટીસ થનાર વ્યક્તિને જીવનમાં ઘણીબધી મર્યાદાઓ આવી જાય છે અને ડાયાબિટીસ ઘણાબધા બીજા રોગો પણ સાથે લઈને આવે છે, જેમાં કિડની, લીવર જેવાં અગત્યનાં અંગ પર માઠી અસર થાય છે.

સમય જતા કિડની ફેલ થઈ જાય છે ત્યારે માણસ આર્થિક, માનસિક અને શારીરિક રીતે પાયમાલ થઈ પડી ભાંગે છે. કિડની ફેલ થવાના કિસ્સામાં દર્દી પાસે ડાયાલિસીસનો એક જ ઉપાય બચે છે. ડાયાલિસીસ ખૂબ જ ખર્ચાળ ઉપાય છે. જેમાં સામાન્ય માણસને આર્થિક રીતે બહુ સહન કરવું પડે છે.

તાજેતરમાં જે.જે.સી.-ભુજ દ્વારા કિડનીના દર્દીઓને રાહત માટે ડાયાલિસીસનો કૅમ્પ યોજવામાં આવ્યો હતો અને આ કૅમ્પમાં ઘણાબધા દર્દીઓને ડાયાલિસીસ કરી દેવામાં આવ્યું હતું.

લાયન્સ ક્લબના પ્રમુખ શ્રી અભય શાહે રૂા. ૫૧,૦૦૦ તથા શ્રી મિતેષ શાહે રૂા. ૧૧,૦૦૦નું ડોનેશન આપેલ જેના દ્વારા આ કૅમ્પ સફળ રહ્યો અને ઘણાબધા દર્દીઓએ આનો લાભ લીધો હતો.

ખાસ ઉલ્લેખનીય બાબત એ છે કે માંડવી કચ્છના બાળરોગી ૧૫ વર્ષના કુલદીપ હરેશ ઘેડા જે નાની ઉંમરથી કિડનીના રોગથી પીડાય છે, તેમને સંસ્થા તરફથી રૂા. ૧૧,૦૦૦ તેમ જ અન્ય દાતા તરફથી રૂા. ૧૦,૫૦૦ અનુદાનરૂપે આપવામાં આવ્યા અને એક પ્રશંસનીય કાર્ય થયું. જે.જે.સી.-ભુજની કમિટીને આવા ઉમદા કાર્ય માટે અભિનંદન.

## મેડિકલ કૅમ્પ

### જેજેસી - બોટાદ

બોટાદ સેન્ટર દ્વારા ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીના સંયુક્ત નેજા હેઠળ ઘૂંટણાના દર્દ માટેના એક નિઃશુલ્ક કૅમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

અમદાવાદના નિષ્ણાત ડૉ. સમીર નાણાવટીએ આ કૅમ્પમાં સેવા આપી હતી તથા આગળના કોઈ જરૂરી ઑપરેશન માટે રૂા. ૧૫,૦૦૦ની રાહત માટેની ખાતરી આપી હતી. જે.જે.સી-બોટાદ સેન્ટર આવા લોકોપયોગી મેડિકલ કૅમ્પ કરતું જ રહે છે અને તે બદલ સંપૂર્ણ કમિટીને ધન્યવાદ.

### જેજેસી - ઉપલેટા

ઉપલેટા સેન્ટર દ્વારા રવિવાર, તા. ૧૩-૭-૨૦૧૪ના રોજ નવકાર મહામંત્રના જાપનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

એ સાથે સેન્ટર દ્વારા તારીખ ૨૦મી ને રવિવારના રોજ એક માનવકલ્યાણરૂપી ટૂર અંતર્ગત 'એક સફર ઐસા ભી'નું આયોજન કરેલ જેમાં બળેજ પાર્શ્વનાથની યાત્રા તથા પોરબંદર પાસે આવેલ રાણા ખીરસરા ગામે વૃદ્ધાશ્રમની મુલાકાત લીધેલ.

વૃદ્ધાશ્રમમાં રહેતી તમામ વ્યક્તિઓને ભોજન કરાવી માનવઅનુમોદનાનો લાભ સેન્ટરે લીધેલ. ત્યાંથી રંગબાઈ મંદિરની મુલાકાત તથા બીચ પર સૌ સભ્યોએ પારિવારિક મજા માણેલ.

ત્યાર બાદ તા. ૧૩-૮-૨૦૧૪ ને બુધવારના રોજ જન્માષ્ટમી પર્વ તથા રક્ષાબંધન પર્વને ધ્યાનમાં લઈ શુદ્ધ ઘીની મીઠાઈનું વિતરણ કરવામાં આવ્યું હતું.

### જેજેસી - ડીસા

શુક્રવાર તા. ૯-૮-૨૦૧૪ના રોજ ડીસા સેન્ટર દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા યોજાયેલ કાર્યક્રમ અન્વયે તેજસ્વી તારલાઓનું સરસ્વતી સન્માન કરવામાં આવેલ.

# સહુની સાથે હેત-પ્રિત એટલે મિચ્છા મિ દુક્કડમ્

■ પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ

અહમ્‌ના પહાડને આજ ગાળી નાખવાનો છે. આત્માને ક્ષમાના તાપે તપાવવાનો છે ને માત્ર મિત્ર સાથે, સ્નેહી સાથે સુંવાળી ક્ષમાપના કરવાની નથી, આજે આપણા દ્વેષીની, પ્રખર વિરોધીની અને ખરા શત્રુ પાસે જઈને ક્ષમા માગવાની છે, તો જ પર્યુષણ પર્વની આરાધના ફળે!

ભગવાન મહાવીરે પૂર્વભવમાં ત્રિપૃષ્ઠ વાસુદેવ તરીકે શય્યાપાલકના કાનમાં ધગધગતું સીસું રેડ્યુ હતું. યુગો વીતી ગયા પછી મહાવીરની સાધનાનું બારમું વર્ષ ચાલતું હતું. ત્યારે પૂર્વભવનો શય્યાપાલક ગોવાળ તરીકે આવે છે અને મહાવીરના બંને કાનમાં શૂળ ભોંકે છે. વેરનું ઝેર વખતસર ઉતારવામાં ન આવે તો કેવું કરુણ અને દારુણ પરિણામ આવે છે!

બાહુબલિના અંતરમાં રહેલો અહંકારનો નાનો શો કંટક ઉગ્ર સાધનાને સફળ થવા દેતો ન હતો. બહેનોના કહેવાથી મહાદોષનો ખયાલ આવતા બાહુબલિએ માફી માગી અને બીજી પળે સાધના સફળ થઈ. જ્ઞાનના ભંડાર અને સાધુતાના આગાર જ્ઞાની ગૌતમને પોતાની ભૂલ સમજાતાં આનંદ શ્રાવકને ખમાવવા જાય છે!

આપણે જાણીએ છીએ કે માણસ માટે પદેપદે ભૂલ થવાનો સંભવ છે. ધન માટે, સત્તા માટે, માન માટે કે કાંચન માટે ક્લેશ અને કંકાસ થાય છે. આથી દિલના કંકુથી અને દેહની કલમથી આત્મભાવનાના અક્ષરે ક્ષમાપના કરવી જોઈએ. માત્ર શબ્દોચ્ચાર કરીને વ્યવહારમાં ક્ષમા માગવામાં આવે તે તો દ્રવ્યક્ષમા છે, પરંતુ એ ક્ષમાભાવ થાય તો એ ભાવક્ષમા ગણાય. જે જે જીવો સાથે વેર બંધાયા હોય તેની ક્ષમા માગવી અને ફરી એવી ભૂલ ન થાય એવો ભાવ રાખવો તેને ભાવક્ષમા કહે છે. જૈન ધર્મમાં ક્ષમા માત્ર માનવસંબંધો પૂરતી મર્યાદિત નથી, પરંતુ સમસ્ત જગતને એ આવરી લે છે. વળી ક્ષમા માગનાર તે આરાધક છે. ક્ષમાપનાથી પાપમય વિચારો અને અશુદ્ધ આચારો નાશ પામે છે અને કર્મની પાટી ચોખ્ખી થાય છે, આથી જ ક્ષમાપના આત્મશુદ્ધિ દ્વારા આત્મસ્વરાજ્ય આપે છે.

વજ્ર હૈયાના બોલ ક્ષમાપના છે. ધર્મહૈયાના કૉલ ક્ષમાપના છે. આથી જ ''क्षमा वीरस्य भूषणम्'' એમ કહેવાયું છે. ક્ષમાનો અર્થ છે શક્તિ. ક્ષમા માગે વિરાટ હૃદયનું સામર્થ્ય. જિસસ ક્રાઈસ્ટે વધસ્તંભ પર ચઢતી વેળાએ એમને શૂળી પર ચઢાવનારાઓને ક્ષમા આપી હતી, કારણકે એ લોકો જાણતા ન હતા કે તેઓ શું કરી રહ્યા છે. આથી જ એમણે એક સ્થળે ક્ષમાનું મહત્ત્વ બતાવતાં કહ્યું છે કે, ''જ્યારે તું યજ્ઞમાં બલિ આપવા જાય, ત્યારે તને યાદ આવી જાય કે તારા અને તારા ભાઈ વચ્ચે વેર છે તો પાછો ફરી જજે અને સમાધાન કરજે.''

આનો અર્થ જ એ છે કે હૃદયમાં વેર હોય તો કોઈ પણ ધાર્મિક ક્રિયા સફળ થતી નથી. જ્યારે જૈન ધર્મમાં તો ક્ષમા વિશે ઘણી ઊંડી ચર્ચા થઈ છે. ક્ષમાને બધા ગુણોની કૂખ કહેવામાં આવી છે. એનાથી ઘણાબધા ગુણો આપણામાં આવે છે. ક્ષમા આવે તો લોભ મટે, ક્ષમા આવે તો ત્યાગ આવે, સરળતા આવે, વિનય આવે અને સંતોષ આવે, મન અને ઈન્દ્રિય પર કાબૂ આવે. બીજી રીતે જોઈએ તો આ બધા ગુણો હોય તો જ ક્ષમાની સાધના થઈ શકે.

ક્ષમાનો એક અર્થ છે નિર્ગ્રંથ થવું, એટલે કે ગ્રંથિગાંઠ છોડવી. ''क्ष એટલે ગાંઠ અને मा એટલે નષ્ટ કરવું.'' આજના જીવનમાં ઘણી ગાંઠ છે. બાપ-દીકરામાં મતભેદ છે, ગુરુ-શિષ્ય વચ્ચે કલહ છે, પતિ-પત્ની વચ્ચે ગેરસમજ છે, મિત્ર-મિત્ર વચ્ચે મારામારી છે, શેઠ અને નોકરનાં દિલ દુભાયેલાં છે, પડોશી સાથે વઢવેર છે, નજીકના સાથે નેહ તૂટયો છે. આવે સમયે ભાંગેલાં હૈયાંને સાંધવાનું કામ ક્ષમા કરે છે. ક્યાંક મદની ગાંઠ છે તો ક્યાંક વેરની ગાંઠ છે. ક્યાંક મનનો મતભેદ છે તો ક્યાંક તણાવ છે. કેટલાય ચિત્રવિચિત્ર માનસિક રોગો માનવીને થવા લાગ્યા છે. શેરડીમાં જોયું હશે કે જ્યાં ગાંઠ હોય છે ત્યાં રસ હોતો નથી. આથી જ વ્યક્તિ વ્યક્તિ વચ્ચેના સંબંધો શુષ્ક અને નીરસ બની ગયા છે.

તેને જીવંત કરવાનો ઉપાય છે ક્ષમા. બીજાથી ત્રેવીસમા તીર્થંકર સુધીના સમયગાળાનું જીવન પ્રમાણમાં સરળ હતું. ભૂલ થાય એટલે ક્ષમા માગી લેતા, પણ આજનું જીવન જટિલ બન્યું છે. માણસ પોતે અશાંત છે. જગતને અશાંત કરે છે. કાજળની કોટડી જેવો ક્યાંક સંસાર ચાલે છે. જાણતાં મદ, માન, કામ, ક્રોધ થઈ જાય. અજાણતાંય થઈ જાય. કાયાથી ન થાય તો વચનથી થાય. વચનથી ન થાય તો મનથી થઈ જાય.

અસત્ માનીએ અને સત્ નીકળે. સત્ વળી અસત્ ઠરે. આંખ જુએ કંઈ અને નીકળે કંઈ. વાટે અને ઘાટે

વિષયવૃત્તિઓ વેરાયેલી છે ત્યારે ક્ષમાપનાનું પર્વ એ વિશ્વમૈત્રીનું પર્વ છે. ત્રણ લોકના જીવોને અભય બક્ષનારું પર્વ છે. આવો, કોમળ કંઠે અને ઉદાર દિલના અવાજે પોકારીએ–

જગતના સર્વ જીવોની મૈત્રી
દિલના સર્વ શુભાશયોની દોસ્તી!
આવો ક્ષમો, આવો ક્ષમીએ!
દુનિયા દોષની છે – દ્વેષની છે;
એમાં મૈત્રીનાં ફૂલછોડ રોપીએ!
જગત તો જ જીવવા જેવું રહેશે!

રે! ભાઈ! તારા ગળે કાંચકી કાં વળગે? એવો તું ભવોભવનો કર્મકઠિયારો છેઃ ને ભવોભવ સુધી તું કર્મકષાયનાં કરગઠિયાંની ભારી લઈને ભમવાનો છે, કે મુક્ત કંઠે, ખુલ્લા દિલે બોલી શકતો નથી–

મિચ્છા મિ દુક્કડમ્! મિથ્યા હો મમ દુષ્કાર્ય ને દોષ!

મૈત્રીનો પ્રારંભ માતાથી કરવાનો છે, પછી ભાઈ-બહેન સાથે અને પછી એનો વિકાસ થતાં પરહિત ચિંતા અને પ્રાણીમાત્ર પ્રત્યેની કરુણા સુધી પહોંચવાનું છે.

ક્ષમા એ ધર્મઅનુષ્ઠાનનો માપદંડ છે. ધર્મના અનુષ્ઠાન કેટલે અંશે આત્મસાત્ થાય છે તેનો તાળો ક્ષમા પરથી મળી શકે, ક્ષમાવૃત્તિના વિકાસ પરથી મળી શકે. ક્ષમા ધર્મભાવનાનું બેરોમીટર છે. ક્ષમા ન હોય તો બધાં વ્રત, જપ, તપ, ધ્યાન, અનુષ્ઠાન સફળ થતાં નથી. આ ક્ષમા તે આત્માનો ગુણ છે જે ક્રોધ અને કષાયથી વિકૃત થાય છે. જેમ પાણી સ્વભાવે શીતળ છે, પણ અગ્નિનો સંયોગ થતાં ઉષ્ણ થાય છે. આમ ઉષ્ણતા એ જળનો સ્વભાવ નથી, પરંતુ એનો વિભાવ છે. અગ્નિનો સંપર્ક દૂર થતાં જ એ જળ પોતાની સ્વાભાવિક શીતળતા પ્રાપ્ત કરી લેશે.

પાણીમાં શીતળતા માટે કોઈ અન્ય સાધનની જરૂર પડતી નથી, કારણકે એ એનો સ્વાભાવિક ગુણ છે. એ જ રીતે ક્ષમા આત્માનો સ્થાયી ગુણ છે. એને માટે અન્ય કોઈ બાહ્ય સામગ્રીની જરૂર નથી, પણ પાણીમાં જેમ ઉષ્ણતા આવે છે એ રીતે આત્માનો સ્વાભાવિક ગુણ ક્ષમા ક્રોધ, કષાયના ઉદયથી વિકૃત થઈ જાય છે, પણ એ વિકૃતિ સ્વાભાવિક હોતી નથી. એ જ રીતે અગ્નિના સંપર્કના અભાવમાં ઉષ્ણતા શાંત થઈ જાય છે, એ જ રીતે ક્રોધ, કષાયના અભાવમાં વિકાર શાંત થઈ જાય છે, કારણકે સુખ એના આત્મસ્વભાવથી પ્રાપ્ત થાય છે. પોતાના સ્વભાવમાંથી ડગી જઈને પરભાવ અથવા વિભાવને પ્રાપ્ત કરે છે ત્યારે એ દુઃખી થાય છે.

આમ ક્રોધભાવ એ આત્માનો સ્વભાવ નથી, પરંતુ અન્ય પદાર્થના સંયોગથી ઉત્પન્ન થયેલો વિભાવ છે અને તેથી જ એ આત્માને અહિતકારક છે. આમ ક્રોધ જેવી કોઈ હાનિકારક વસ્તુ નથી અને ક્ષમા જેવી કોઈ ગુણકારક બાબત નથી. ક્રોધ માત્ર આલોકમાં જ નહીં, પરલોકમાં પણ દુર્ગતિ અપાવે છે. આથી જ ક્ષમા વિશે કહ્યું છે–

**ઉત્તમ ખમ તિલ્લોયહ સારી, ઉત્તમ ખમ જમ્મોદહિતારી,**
**ઉત્તમ ખમ રયણત્તય ધારી, ઉત્તમ ખમ દુગ્ગઈદુહહારી.**

*[ઉત્તમ ક્ષમા ત્રણે લોકમાં સારરૂપ છે. જન્મમરણરૂપ સંસારસમુદ્રને તારનારી છે. રત્નત્રયને પ્રાપ્ત કરાવનારી છે તથા દુર્ગતિને હરણ કરનારી છે].*

## મિચ્છા મિ દુક્કડમ્

## આજનો દિવસ!

દરેક દિવસ અદ્ભુત જ હોય છે. બસ આપણે લોકો એને ચીલાચાલુ બનાવી નાખતા હોઈએ છીએ. માટે એ દરેક 'આજ'ના દિવસે શું કરવું તે ખયાલ ન આવે તો નીચેનાં સૂચનો યાદ રાખીએ અને પાલન કરી જોઈએ!

આજે......

આપણે ગુસ્સો નહીં જ કરીએ!

કોઈ જૂના ઝઘડાનો અંત લાવીશું.

ભુલાઈ ગયેલા કોઈ મિત્રનો ફોન નંબર શોધી એને ફોન કરીશું.

કોઈના પ્રત્યેની શંકાને ત્યાગી એની જગ્યાએ વિશ્વાસને સ્થાન આપીશું.

કોઈ સ્નેહીજનને એક પોસ્ટકાર્ડ લખીશું!

હતોત્સાહ થયેલી કોઈ વ્યક્તિને જીવન જીવવાનું બળ મળે એ માટે હિંમત આપીશું. જૂના દ્વેષને દફનાવી દઈશું.

કોઈ પાસે એક દિવસ પૂરતી પણ અપેક્ષા નહીં રાખીએ અને રાખતા હોઈશું તોપણ હવે પછી ઘટાડી દઈશું.

આપણા હક માટે જરૂર લડીશું, પણ બીજાના અધિકાર પર તરાપ ન મરાઈ જાય તેનું ધ્યાન રાખીશું.

આપણું નાનકડું કામ પણ કોઈ કરે તો એનો દિલથી આભાર માનીશું.

જૂના અને વાહિયાત ડરને મગજમાંથી કાઢી નાખીશું.

થોડોક સમય કુદરતના સૌંદર્યને માણવા માટે ફાળવીશું.

કોઈ અશક્ત તેમ જ વડીલ વ્યક્તિનું કામ કરી દઈશું અને જો એવું ન થઈ શકે તોપણ એમને ધક્કો ન વાગી જાય તેનો ખયાલ રાખીશું.

હા! આજે ચાલો, દુનિયાને, મિત્રોને, વહાલાંઓ અને સંબંધીઓને ખુલ્લા દિલથી કહી

# સાધુ અને શ્રાવકોએ જાગવાની વેળા આવી ગઈ છે

■ તેજસાહેબ

ભગવાન મહાવીરસ્વામીએ સ્થાપેલા જૈન સંઘની રક્ષા કાજે હવે જૈનોએ જાગવાની વેળા આવી ગઈ છે. જૈન સમાજનું ગૌરવ હણાય તેવી ઘટનાઓ કેમ થઈ? તેવા વિકલ્પો કરવા કરતાં આવી ઘટનાઓ બને જ નહીં તેની તૈયારીઓ સર્વે સંઘોએ કરવાની આવશ્યકતા ઊભી થઈ છે.

શ્રાવકો પોતાના સંસારસુખને સાધવા સાધુઓ પાસે જ્યોતિષ... જંતર... મંતરનાં કામો કરાવે છે. ભગવાન મહાવીરસ્વામી ઉત્તરાધ્યયન સૂત્રના પંદરમા અધ્યયનમાં બતાવી ગયા છે જે સાધુ-સાધ્વી સંસારીઓના માટે મંતર...તંતર... કે જ્યોતિષવિદ્યાનો પ્રયોગ કરે છે તે **पावसमणे ते विग्यह** – તેવા સાધુને પાપી કહેવામાં આવ્યા છે. આ વાત પ્રત્યેક સાધુભગવંતોએ વિચારવાયોગ્ય છે. જે કાર્ય માટે સાધુ એકાન્તનું શરણું સ્વીકારે છે અને શ્રાવકો પોતાના સ્વાર્થના નશામાં એ ભૂલી જાય છે કે હું સંયમીના સંયમમાં સહાયક બનવાના બદલે બાધક બની રહ્યો છું.

શ્રાવકોએ મુનિભગવંતો સાથે કેવા પ્રકારનો વ્યવહાર કરવાનો છે તે શાસ્ત્રમાં બતાવવામાં આવ્યો છે. શ્રાવકો જ સાધુને સાધનામાંથી વિચલિત કરવાના કામ કરે છે. શા માટે? અંધશ્રદ્ધામાં શ્રાવકો દોડી જાય છે? કર્મોમાં જે લખ્યું છે તે થયું છે અને થવાનું છે અને આ વાત સર્વે સાધુભગવંત પાટ પર બેસીને જોરશોરથી જણાવે છે, છતાં શ્રાવકો સાધુ પાસે પોતાનાં દુઃખો દૂર કરવા જાય છે અને ન બનવાની ઘટના બને છે અને જૈન સમાજ કલંકિત બને છે.

દેરાસરમાં ભગવાનની પાસે જવામાં પણ સમયપત્રક નક્કી કરવામાં આવ્યું છે. બપોરના સમયે ભગવાનના મંદિરનાં દ્વાર બંધ કરવામાં આવે છે તો પછી સાધુભગવંતો પાસે જવાનો સમય કેમ નક્કી કરવામાં આવતો નથી. જૈન સંઘોએ જાગવાની જરૂર છે. બપોરના સમયે શા માટે સાધુ પાસે બહેન-દીકરીઓને જવા દેવામાં આવે છે. જાય છે તો તેને રોકવામાં કેમ નથી આવતાં? અથવા તો તેમનાં મા-બાપને જાણ કરવામાં કેમ નથી આવતી? ટૂંકમાં સાધુભગવંતોએ પોતે જ સજાગ રહેવું પડશે અને એકાંતમાં ન બેસતા જાહેરમાં-હૉલમાં ગુરુ અને શ્રાવકોની દૃષ્ટિ પડે તે રીતે બેસવું પસંદ કરવું પડશે. નહીંતર ઈર્ષાના ભોગથી જતા કલંક લગાડતા કોઈ બચાવી શકશે નહીં.

ચતુર્વિધ સંઘના ચાર પાયામાં બે પાયા શ્રાવકના છે જે બહુ ઢીલા પડતા જાય છે. માત્ર સંપત્તિ ભેગી કરવી અને સત્તા માટે ખેંચતાણ કરવા પાછળ જૈન સંઘની સાચી સેવા ચુકાતી હોય તેવું વર્તમાને દેખાઈ રહ્યું છે. શાસ્ત્રમાં શ્રાવકોને **अम्मा पिया** – સાધુનાં મા-બાપ કહેવામાં આવ્યાં છે. મા-બાપ શું પોતાના દીકરાનું અહિત કરવાની ઈચ્છા કરે ખરાં? બહેનોએ માત્ર પ્રવચનમાં અને સામૂહિક દર્શનાર્થે સાધુ પાસે જવું જોઈએ. એવા નિયમો બનાવવા જોઈએ જેથી જૈન શાસનની ગૌરવતામાં આંચ ન આવે. જૈન શાસનના શણગાર સમા સાધુની નિંદા-ટીકા કરવા કરતાં ટીકા કરવાનો પ્રસંગ જ ઉભો ન થાય તે માટે શ્રી સંઘે જાગૃત રહેવાની જરૂર છે. શ્રાવક ભૂલે તો સાધુ બચાવે અને સાધુ સાધનાનો પંથ ભૂલે તો શ્રાવક બચાવે. પ્રત્યેક સંઘમાં સાધુ-શ્રાવકો પર ધ્યાન રાખનાર ગ્રુપ બનાવવું જોઈએ. નિયમો-મર્યાદાનો ભંગ થતો જણાય તો પ્રેમભાવે સમજાવવાના પ્રયત્નો આદરવા જોઈએ, જેથી ગલત બનતું સહજ અટકી જશે.

જૈન સાધુ બનવા માટે કોઈ દબાણ કરવામાં આવતું નથી. આત્માનું કલ્યાણ કરવા માટે જ દીક્ષાનો માર્ગ છે, છતાં આ માર્ગમાં ટકી શકવા સામર્થ્ય ન હોય તો સ્વેચ્છાએ શ્રાવકધર્મ અંગીકાર કરી લેવો તેમાં જ સાચો ધર્મ છે, પરંતુ સાધુ વેશમાં રહી સમાજમાં કલંક ફેલાય તેવાં કાર્યો હરગિજ કરવા જોઈએ નહીં.

શ્રાવકોએ રૂપિયાનો વહીવટ સાધુ સાથે શા માટે કરવો જોઈએ! સંઘની ઑફિસ અથવા પેઢી પર શ્રાવકને મોકલી રૂપિયાના વહીવટના પાપથી બચવું જોઈએ. કડવું સત્ય એ છે શ્રાવકોએ જેટલું સાધુનું અહિત નથી કર્યું એટલું તેમના બની બેઠેલાં ભક્તોએ કર્યું છે. આંધળી ભક્તિએ સાધુભગવંતને ન કલ્પતી બાબતમાં જોડે છે જેને લઈ ધર્મ વગોવાય છે.

જૈન સાધુને ગાડીમાં બેસાડનાર આવા ભક્તિઘેલા

ભક્તો જ છે. મકાનો બનાવી આપનાર શ્રી સંઘની અશાતનાનો ભોગ બને છે. ચતુર્વિધ સંઘથી અલગ બંગલા બનાવીને સાધુને રાખવાની ઘેલછા એક દિવસ એ સાધુ સ્વચ્છંદતાનો ભોગ બની મોહનો શિકાર બનશે અને કદાચ સમાજની આંખે પકડાશે ત્યારે બહુ મોડું થઈ ગયું હશે. માટે શ્રાવકો જાગે....સંઘના દૃઢ ધર્મીઓ જાગે... જૈન શાસનના પ્રેમી જાગે... ખોટાં કાર્યોમાં સાથ આપી પોતાની માનની પ્યાસ બુઝાવવા સાધુભગવંતનો સાથે ન લે અને ન દે... તેમાં જ જૈન શાસનની શોભા છે.

જે પ્રભુના આચારના પ્રેમી નથી તે આપણા શ્રી સંઘને આચારવંત કઈ રીતે બનાવી શકશે... ધર્મકરણી ઓછી થાય કે ધામધૂમ થોડી ઓછી થાય અથવા તપસ્યા ઓછી થાય તો ચલાવી લેજો, પરંતુ આચારનાં પગથિયાં ઊતરી ગયેલ સાધુભગવંતને બોલાવીને શ્રી સંઘની શોભાને ઝાંખી પાડશો નહીં.

સાધુભગવંતોના આચારમાં જે સહાયક હોય તે જ સાચો શ્રાવક છે અને આવા શ્રાવકો જ્યાં સામૂહિક ભેગા થાય છે તેને સંઘ કહેવામાં આવે છે. સૂર્યાસ્ત બાદ સ્ત્રી માટે જ્યાં સાધુ બિરાજતા હોય ત્યાં નહીં જવાનો કડક નિયમ પળાવો જોઈએ. વસ્ત્રોની મર્યાદા પર ખયાલ રાખવો જોઈએ. શ્રી સંઘમાં જ્યોતિષ મંતર-જંતર જેવી બાબત જણાય તો તરત જ અટકાવવાનું કાર્ય કરવું જોઈએ. જો આપણે નહીં જાગીએ તો જૈન શાસનને બદનામીમાંથી ઉગારી નહીં શકીએ.

# જે બીજાને સમજ્યો એ જંગ જીત્યો

વાતચીત કરતી વખતે બે પ્રકારની ભાષા વપરાય છે. એક ભાષા શબ્દોની હોય છે-તાર્કિક હોય છે. બીજી ભાષા ભાવ અને ઊર્મિની હોય છે જેમાં ચહેરાના હાવભાવ, શરીરના હલનચલન અને બીજા વર્તનનો સમાવેશ થાય છે. અંગ્રેજીમાં આને બૉડી લેંગ્વેજ કહેવામાં આવે છે. અંગ્રેજી, ફ્રેન્ચ, તામિલ, ગુજરાતી કે સંસ્કૃત, ઉર્દૂની જેમ આ બંને ભાષા કોઈ વાર એકમેકથી ભિન્ન હોય છે. એક વ્યક્તિ માત્ર તર્કબુદ્ધિનો ઉપયોગ કરે, સામી વ્યક્તિ ઊર્મિ-લાગણીની ભાષા વિચારે અને બંને એકમેકની ભાષા ન સમજે તેવું બની શકે.

આપણે બધું સમજવા સક્ષમ છીએ તેવું માની લઈ મોટે ભાગે પૂછવાને બદલે આપણે બોલીએ છીએ-કહીએ છીએ. આપણા બોલવાની સામી વ્યક્તિ પર કેટલી અને કેવી અસર થાય છે તેની પરવા કર્યા વિના સાંભળવાને બદલે આપણે બોલવાનું વધારે પસંદ કરીએ છીએ. ખરા અર્થમાં આપણે એકમેકની ભાષા નથી સમજી શકતા અથવા સમજવા ઇચ્છતા નથી. આવી વૃત્તિને લીધે સંપર્કનો સેતુ ફસકી પડે અથવા તેમાં અવરોધ નિર્માણ થાય તેવું બને. પછીના તબક્કામાં ગેરસમજ, એકમેકની ક્ષતિ શોધવાના પ્રયાસ, પોતાનો બચાવ કરવાનાં ફાંફાં, કટાક્ષ, મહેણાં, શીત યુદ્ધ જેવું પ્રત્યક્ષ કે પ્રછન્ન આક્રમક વલણ ચાલુ થાય છે. સંપૂર્ણ અબોલાની સ્થિતિ પણ નિર્માણ થઈ શકે. કોઈએ મજાકમાં કહ્યું છે કે 'યુ ડોન્ટ મીન, વૉટ યુ મીન ટુ મીન!'

આવી સ્થિતિ ટાળવા કે સુધારવા માટે પ્રામાણિક પ્રયત્નો જરૂરી છે. સર્વ પ્રથમ સામેની વ્યક્તિ માટે પૂરતો સમય ફાળવવો આવશ્યક છે. ઘરમાં, બહાર બગીચાને બાંકડે, હોટેલમાં-ગમે તે સ્થળે ત્રીજી વ્યક્તિની ગેરહાજરીમાં એકમેક પર અવિભાજિત ધ્યાન આપી શકાય તેવી ખલેલ વિનાની થોડી ક્ષણો સાથે ગાળી સંપર્ક સંભાળી શકાય છે. ઉતાવળ કર્યા વિના, વચ્ચે વચ્ચે ટીકા કર્યા વગર-જજમેન્ટલ બન્યા વગર-ધીરજ રાખી સામી વ્યક્તિને બોલવાની તક આપવી જરૂરી છે. કોઈ મને સમજતું નથી, કોઈને મારી પરવા નથી, કોઈને મારી કદર નથી તેવું માની પોતાનું સ્વત્વ-આઇડેન્ટિટી સ્થાપવા અને પરાણે માન મેળવવા બોલાચાલી કે ઝઘડો કરી શક્તિ અને શાંતિ વેડફવાને બદલે પ્રથમ આપણે સામી વ્યક્તિને સમજવાનો પ્રયાસ કરીએ તે યોગ્ય છે. આ પ્રયાસ સફળ થાય કે નિષ્ફળ નીવડે તોપણ એકમેકનું સ્વમાન અને ગૌરવ જાળવવામાં મદદરૂપ થશે. બોલાયેલા કે લખાયેલા શબ્દો કરતાં લાગણીનું મહત્ત્વ વધારે છે. આથી જ અવાજની મૃદુતા કે સક્ષતા, ચહેરાના હાવભાવ, બાંધછોડની વૃત્તિ, મદદ, ત્યાગ શબ્દો કરતાં ઘણું વધારે કહી દે છે. જાત પર કાબૂ, વફાદારી, પ્રામાણિકતા અને નિખાલસપણું વાપરી તાર્કિક અને ભાવનો સમન્વય-સંશ્લેષણ એ જ સાચો સંપર્ક - હેલ્ધી કમ્યુનિકેશન.

*સંગ્રાહક-Rohit Keniya -J.J.C. Vile Parle (Secretary)*

## ૨૦મો સમૂહલગ્નોત્સવ

**જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ તથા**
**જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ**

નું આયોજન

**રવિવાર, તા. ૨૮-૧૨-૨૦૧૪ના રોજ**

કરવાનું નક્કી કરવામાં આવેલ છે.

આ અંગેની વિશેષ માહિતી આગામી અંકમાં આપવામાં આવશે.

વહેલા તે પહેલાના ધોરણે **૨૧ યુગલોને લેવાનાં છે. વડીલોને ખાસ સૂચના કે વહેલી તકે જેજેસી ઑફિસ – ૨૦૧, માથારૂ આર્કેડ, સુભાષ રોડ, વિલે પાર્લે (ઈસ્ટ) ખાતે શ્રી સચીન પવાર – ૦૨૨-૬૫૭૨૬૬૩૬ અથવા ૦૨૨-૬૬૯૭૩૦૩૮ પર સંપર્ક કરે.**


**बिना दवाई के सरल और सचोट उपचार से,**
**रजवाडी ठाठ से जीने की कला**

♦ हार्ट ब्लोकेजेस कम करना ♦ कमर दर्द ♦ साईटीका का पिडादायक दर्द ♦ स्पोडीलाईसीस ♦ घुटने का दर्द ♦ माईग्रेन ♦ डिप्रेसन ♦ वजन घटाना एवं अन्य रोगों के इलाज की सलाह और उपचार किसी भी तरह की दवा दिये बिना और आप जो दवाईयां ले रहे है वह बंद करवाये बिना सिर्फ बाहरी उपचार, बिना साईड इफेक्ट, नुकसान रहित और लाभदायक ।

*नीचे की अल्टरनेटीव थेरेपी का उपयोग करके।*

मेरीडीयन मसाज थेरेपी ♦ एक्युप्रेसर थेरेपी ♦ पास थेरेपी ♦ बुहांग इनस्टूमेंट ♦ सभी मेरीडीयनोलेजी पर आधारित और नेचरोपथी थेरेपी के विशेषज्ञ

*आपके घर आकर तपास कर सही इलाज किया जायेगा।*

ADVT.

Raajendra S. Shah (Sr. therapist) Matunga, Mumbai.

**Mob.: 9820002953 •Tel.: 022-24121234**

NAKODA
FASHION

**NAKODA FASHION PVT. LTD.**

J-17, 18, Shree Ghantakarna Mahavir Market,
Outside, Sarangpur, Ahmedabad - 380 002.
Phone : (079) 66302610, 66302620 Fax : (079) 22164412
(079) 22179035, 22179036

ADVT.

# પ્રકરણ : ૯

## આઠમું સ્થાનક : પોતે ભણેલા જ્ઞાનને વારંવાર ફેરવવાથી, ચિંતન કરવાથી તીર્થંકર નામગોત્ર કર્મ ઉપાર્જન થાય

■ નલિનભાઈ સંઘવી (પ્રમુખઃ જેજેસી-વાપી)

જ્ઞાન તે જીવનો ઉપયોગ, જીવનું લક્ષણ. જગતનો કોઈ પણ જીવ જ્ઞાન વગરનો નથી. જ્ઞાન માટે વધારે ઊંડાણમાં જઈએ તો જેણે કરી વસ્તુને જાણીએ તે જ્ઞાન, જે થકી વસ્તુને જાણીએ તે જ્ઞાન, જેને વિષે વસ્તુને જાણીએ તે જ્ઞાન અને જાણવું તે જ્ઞાન.

દરેક જીવને જ્ઞાન હોય છે. એકેન્દ્રિયથી લઈને સિદ્ધગતિના જીવોમાં જ્ઞાન હોય છે. નિગોદ (એક શરીરમાં અનંત જીવો દા.ત. કાંદા, બટેટા, લસણ તથા અન્ય કંદમૂળ)ના જીવોને પણ અક્ષરનો અનંતમો ભાગ ઉઘાડો રહે છે.

નંદી સૂત્રમાં જ્ઞાનના પાંચ ભેદ બતાવેલ છે :

| | |
|---|---|
| ૧) મતિજ્ઞાન | પાંચ ઈન્દ્રિયો અને છઠ્ઠા મનના નિમિત્ત વડે વસ્તુનો જે નિશ્ચિત બોધ થાય તે મતિજ્ઞાન કહેવાય. |
| ૨) શ્રુતજ્ઞાન | શ્રુત એટલે શબ્દના નિમિત્તથી ઈન્દ્રિયો અને મન વડે જે મર્યાદિત જ્ઞાન થાય તે શ્રુતજ્ઞાન કહેવાય. |
| ૩) અવધિજ્ઞાન | ઈન્દ્રિયો અને મનની મદદ વિના આત્માને રૂપી પદાર્થોનું અમુક ક્ષેત્રવર્તી, અમુક કાળવર્તી જે પ્રત્યક્ષ જ્ઞાન થાય તે અવધિજ્ઞાન કહેવાય. |
| ૪) મનઃપર્યવજ્ઞાન | ઈન્દ્રિયો અને મનની મદદ વિના આત્માને સમનસ્ક સંજ્ઞી જીવોના મનના પર્યાયો સંબંધી જે પ્રત્યક્ષ જ્ઞાન તે મનઃપર્યવજ્ઞાન કહેવાય. |
| ૫) કેવળજ્ઞાન | ઈન્દ્રિયો અને મનની મદદ વિના આત્માને એક નિર્મળ, પરિપૂર્ણ, અસાધારણ અને અનંત એવું જે પ્રત્યક્ષ જ્ઞાન થાય તે કેવળજ્ઞાન કહેવાય. |

આત્માને જ્ઞાનાવર્ણીય કર્મના આંશિક ક્ષય અને ક્ષયોપક્ષમથી જે તત્ત્વોનો બોધ થાય તે જ્ઞાન છે. જ્ઞાનવર્ણીય કર્મના સંપૂર્ણ ક્ષયથી ઉત્પન્ન થનાર જ્ઞાનને કેવળજ્ઞાન કહેવાય છે.

પાંચ પ્રકારનાં જ્ઞાનમાં પ્રથમ બે જ્ઞાન પરોક્ષ છે, જ્યારે બાકીનાં ત્રણ જ્ઞાન પ્રત્યક્ષ છે.

મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન દરેક સંસારી જીવોને સમ્યક અને મિથ્યારૂપે ન્યુનાધિક માત્રામાં સદૈવ હોય છે. ચારે ગતિના જીવોને આ જ્ઞાન અલ્પ અથવા વધારે પ્રમાણમાં હોય છે. દેવતા તથા નારકીના જીવોને અવધિજ્ઞાન જન્મથી જ હોય છે. બાકીનાં જ્ઞાન જીવના પુરુષાર્થથી પ્રાપ્ત થાય છે. જ્ઞાન ઉપરાંત ત્રણ પ્રકારનાં અજ્ઞાન પણ હોય છેઃ

(૧) મતિઅજ્ઞાન (૨) શ્રુતઅજ્ઞાન (૩) વિભંગજ્ઞાન

સમક્તિધારી આત્માને જે જ્ઞાન થાય છે તે જ્ઞાન કહેવાય અને મિથ્યાત્વી આત્માને જે જ્ઞાન થાય તે અજ્ઞાન કહેવાય... મિથ્યાત્વીને કદાપિ મનઃપર્યાવજ્ઞાન તથા કેવળજ્ઞાન પ્રાપ્ત થતું નથી. કેવળજ્ઞાનની પ્રાપ્તિ થતા જ બાકીનાં ચાર જ્ઞાનો તેમાં વિલીન થઈ જાય છે અને ફક્ત એક કેવળજ્ઞાન જ રહે છે.

જૈન ધર્મમાં જ્ઞાન અને ક્રિયાના આરાધનથી જ મોક્ષપ્રાપ્તિ થાય છે. ફક્ત જ્ઞાન અથવા ફક્ત ક્રિયાથી મોક્ષની પ્રાપ્તિ નથી થતી. જૈન ધર્મમાં જ્ઞાનનો મહિમા ખૂબ છે. આગમ શાસ્ત્રોમાં આપણને જ્ઞાનની મહત્તા સમજાવતી અનેક ગાથાઓ મળે છે.

'અજ્ઞાન અને સંમોહરૂપી અંધકાર તથા મિથ્યાત્વમાંથી જો કોઈ પાછા હટાવનાર હોય તો તે જ્ઞાનરૂપી પ્રકાશ છે.'

'પાપકાર્યોની નિવૃત્તિ, શુભકાર્યોમાં પ્રવૃત્તિ તથા વિનયની પ્રાપ્તિ જ્ઞાનથી જ થાય છે.'

'સમ્યકજ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપથી બનેલા મોક્ષમાર્ગ પર ચાલનારા જીવો સદ્‌ગતિમાં જાય છે.'

'જ્ઞાની એક શ્વાસોશ્વાસમાં જેટલાં કર્મોની નિર્જરા કરે છે તે અજ્ઞાની જીવને ખપાવતા ક્રોડ પૂર્વ જેટલો સમય લાગે છે.'

'તત્ત્વજ્ઞાન પારસમણિ સમાન છે. જે જીવને તત્ત્વજ્ઞાનરૂપી પારસમણિનો સ્પર્શ થઈ જાય તો તેમાં સમ્યક્ ચારિત્રની ઝલક આવી જાય છે.'

આવા અપૂર્વ જ્ઞાનને જાણવાથી ભણેલ જ્ઞાનને વારંવાર ફેરવવાથી, તેને કંઠસ્થ કર્યા પછી તેના પુનઃ પુનઃ પરિયટ્ટણ કરવામાં આળસ ન કરવી. પ્રમાદથી તેનું વિસ્મરણ થઈ જાય છે. જ્ઞાન ભાવવિહીન તથા અસ્થિર બની જાય છે. પુનઃસ્વાધ્યાય કરવાથી સંવેગની પ્રાપ્તિ તથા નવાનવા અર્થનો બોધ થાય છે. એ જ ભણેલા જ્ઞાન પર ચિંતન કરવું તે અનુપ્રેક્ષા છે. જુદા જુદા દૃષ્ટિકોણથી જ્ઞાન પર ચિંતન-મનન કરવાથી જ્ઞાન આત્મા સાથે એકરસ થઈ જાય છે. આ રીતે સમ્યક્ જ્ઞાનની આરાધના કરવી જોઈએ.

આમ પોતે જાણેલા જ્ઞાનને વારંવાર ફેરવવાથી, તેના પર ચિંતન કરવાથી આ જીવ તીર્થંકર નામકર્મ ગોત્ર ઉપાર્જન કરે છે અને અનંતા કર્મોની નિર્જરા કરે છે.

પ્રાણીઓની તીણી ચીસોથી
આપ પરેશાન હો તો
કરુણાનું મધુર સંગીત ગૂંજતુ કરવા
આપની થોડી લક્ષ્મીનું દાન કરો...



પૂ. પં. શ્રી ચન્દ્રશેખરવિજયજી મ.સા. પ્રેરિત

# વર્ધમાન સંસ્કાર ધામ

દ્વારા

## 7 વર્ષમાં 73,679 જીવોને જીવતદાન અપાયું છે.

## તા. ૬, ઓક્ટોબર ૨૦૧૪ બકરી ઈદે આ વર્ષે પણ

**કસાઈઓને એક પણ રૂપિયો આપ્યા વિના ગેરકાયદે કતલખાને જતાં હજારો નાના મોટા જીવોને અભયદાન આપી એમને નિભાવવામાં આવશે.**

એક જીવને બચાવીને એને નિભાવવાના

# Rs. 4,000/-

## VARDHMAN SANSKAR DHAM

**OPERA HOUSE**
Smt. Nirmalaben Hirji Savla Bhavan
Bhavani Krupa Bldg., J. S. S. Road, Opp Girgam Church,
Opera House. **Tel. : 23670974, 9322264388**

**LUHAR CHAWL**
Smt. Maniben Ramniklal Dhanji Chhadva
Chovihar House, Devkaran Mension No. 8,
3rd Floor, Luhar Chawl. **Tel. : 3956 7879**

**: CONTACTS :**

| | | | | | |
|---|---|---|---|---|---|
| **Dadar** | Dinesh Ghalla | 98200 70309 | **Malad** | Shreyansh Chheda | 98194 28204 |
| **Matunga** | Sudhir Patni | 98697 33899 | **Goregaon** | Dilip Shah | 98206 33101 |
| **Ghatkopar** | J. P. | 98929 92924 | **Andheri** | Ashwin Mehta | 93236 59552 |
| **Mulund-Thane** | Abhay Shah | 93239 10931 | **Parle** | Vishal Shah | 98207 77705 |
| **Bhayandar** | Nilesh Patni | 93211 50160 | **Juhu** | Amit Jain | 93222 29410 |
| **Borivli** | Malay Parekh | 93222 35632 | **Santacruz-Bandra** | Nilesh Savla | 93222 22571 |
| **Kandivli** | Pramod Shah | 98200 63216 | **BKC Diamond Market** | Bhavesh Shah | 98210 92363 |

**You can deposit your donation at any of the ICICI Bank Branch**

**Account Name : VARDHMAN SANSKAR DHAM**
**Bank Name : ICICI Bank | A/c No. 026101000206 | IFSC Code : ICIC0000348**
**(Note : Please send copy of deposit slip to our opera house centre, we will send you receipt by post.)**

**80G AVAILABLE**

ADVT.

# જૈન શાસન દિવાળીની શરૂઆત ક્યારથી થઈ ?

■ હરીશ મહેતા

જૈન ધર્મ પ્રમાણે આસો વદિ અમાસની રાત્રિ એટલે ૨૪મા તીર્થંકર ભગવાન મહાવીરનું નિર્વાણ કલ્યાણક. આજથી ૨૫૪૦ વર્ષ પૂર્વે અમાસની અંધારી રાતે ભગવાન મહાવીરનું હાલના બિહાર રાજ્યના પાવાપુરી મધ્યે નિર્વાણ થયું.

૭૨ વર્ષની આયુએ પ્રભુએ દેહત્યાગ કર્યો. ત્યાર પૂર્વે તેમણે તેમનું છેલ્લું ચોમાસું ચંપાપુરીથી વિહાર કરીને પાવા નગરીમાં હસ્તિપાળ રાજાની મોજણી કામદારોની કચેરીમાં રજ્જુશાલામાં શરૂ કર્યું. પુરી અને પાવા એ બે ગામ જુદાં જુદાં છે, પણ પાસેપાસે આવેલાં હોવાથી તેનું નામ પાવાપુરી પ્રચલિત થયું.

આજથી લગભગ ૨૬ સદી પૂર્વે ત્યાં મગધ દેશના અજાતશત્રુ રાજાના સમયકાળ દરમિયાન ભગવાન મહાવીરનું નિર્વાણ થયું અને તેથી જ આ ભૂમિ જૈનો માટે વિશિષ્ટ યાત્રાધામ બન્યું. માન્યતા એવી છે કે જૈનોની દિવાળીનો આરંભ આ સ્થળેથી જ થયો. આજે પણ દર વર્ષે હજારો શ્રદ્ધાળુઓ દિવાળીના રોજ આ સ્થળે એકઠા થાય છે અને ખૂબ જ શ્રદ્ધા અને ભક્તિપૂર્વક પ્રભુવીરનું નિર્વાણકલ્યાણક ઊજવે છે અને એક અલગ વાત છે કે અહીંની સ્થાનિક પ્રજાનો જૈન કોમને પૂરતો સહકાર નથી. તેઓ જૈન યાત્રાળુઓ પાસેથી પૈસાની લાલચ રાખે છે, પણ ખૂબ જ ગરીબીને કારણે તેઓએ આ રસ્તો અપનાવ્યો હશે તેમ માનીને જૈન યાત્રાળુઓ અને સંઘો તેમના પ્રત્યે ઉદાર દિલ રાખે છે.

જૈન ધર્મમાં મૃત્યુને મહોત્સવ ગણવામાં આવ્યું છે. તેને શોક કે વિષાદનો પ્રસંગ ન ગણતા આત્માને પરમાત્મા બનવાનો પ્રસંગ ગણવામાં આવેલ છે.

ચતુર્માસ દરમિયાન ભગવાન મહાવીરના દર્શનાર્થે રાજા-રાજવીઓથી માંડીને સામાન્ય જનતા પણ આવતી. પોતાનું મૃત્યુ નજીક આવી રહ્યું છે તેની જાણ પ્રભુને થતાં જ તેમણે તેમના પટ્ટધર ગૌતમસ્વામીને નજીકના ગામમાં દેવશર્મા નામના બ્રાહ્મણને ઉપદેશ આપવા મોકલી આપ્યા. પ્રભુ જાણતા હતા કે તેમના પ્રત્યેના અથાગ મોહને કારણે જ ગૌતમસ્વામી કેવળજ્ઞાન નથી મેળવી શક્યા!

આસો વદ ચૌદશના પ્રાતઃકાળથી જ પ્રભુએ પોતાની 'અંતિમ દેશના' (વ્યાખ્યાન) આપવાનું શરૂ કર્યું. મલ્લ વંશના તથા લીચ્છવી વંશના નવા રાજાઓ તથા વિશાળ સમુદાય અને પ્રજાનો મોટો વર્ગ ત્યારે હાજર હતો. તમામ શ્રોતાઓ પ્રભુની દિવ્યવાણી ખૂબ જ ભાવપૂર્વક સાંભળી રહ્યા હતા. નિર્વાણનો સમય નજીક આવી રહ્યો છે તે જાણતાં પ્રભુએ તેમના અંતિમ ઉપદેશની અખંડ ધારા ચાલુ રાખી. આમ ૧૬ પ્રહર સુધી 'ઉત્તરાધ્યયન સૂત્ર'નું નિરૂપણ કરતાં અમાવસ્યાની રાત્રીના છેલ્લા પ્રહરે સ્વાતિ નક્ષત્રમાં પ્રભુ નિર્વાણ પામ્યા...

પ્રભુના નિર્વાણને ઈંદ્ર-ઈંદ્રાણી તથા અન્ય દેવોએ કલ્યાણકના રૂપે મનાવ્યો. ઉપસ્થિત રાજાઓ તથા પ્રજાએ પ્રભુના વિયોગથી જ્ઞાનનો દીપક બુઝાયો તે કારણસર ઘીના દીપક પ્રગટાવીને નિર્વાણ કલ્યાણકની ઉજવણી કરી. તે રાત્રીએ હજારોની સંખ્યામાં દીપક પ્રગટાવીને સમગ્ર અમાસની રાતને ઝળહળતી કરી તેથી તે રાત્રીથી જ દીપાવલીની ઉજવણી જૈન સંઘોમાં શરૂ થઈ. આજે પણ જૈન સંઘો દિવાળીની રાત્રે લાખ્ખોની સંખ્યામાં દીવા પ્રગટાવીને પ્રભુને પોતાની નમ્ર અંજલિ અર્પે છે.

યોગાનુયોગ થોડા સમયમાં પ્રભુના પ્રથમ ગણધર શ્રી ગૌતમસ્વામીને પ્રભુના નિર્વાણના સમાચાર મળ્યા. તેઓએ ખૂબ જ કલ્પાંત કરીને પોતાનો વિષાદ પ્રગટ કર્યો. 'પોતાનો અંતિમ કાળ નજીક છે છતાંય તેમણે શા માટે મને દૂર મોકલ્યો.' પણ તેનાં ગર્ભિત કારણો તેમની સમજમાં આવતાં જ તેમનો પ્રભુ પ્રત્યેનો મોહાંધ દૂર થયો અને તે જ ક્ષણે શ્રી ગૌતમસ્વામીને કેવળજ્ઞાન થયું. જૈન સંઘો માટે અંધારી રાતની ઉજવણીનો બીજો મહોત્સવનો પ્રસંગ હતો. કેવળજ્ઞાની ગણધર શ્રી ગૌતમસ્વામીની વ્યથા અને તે પ્રસંગને વર્ણવતા સ્તવનમાં સુંદર રીતે આલેખાયું છે.

સત્ય સમજતાં મોહ નિવારતા જ્ઞાન દશાને પામે,<br>
દેવો પણ ફરી કેવળજ્ઞાનનો મહોત્સવ કરવા આવે;<br>
ભાવ દીપક બુઝાઈ જવાથી પ્રેમ દીપક પ્રગટાવી,<br>
દીપક અનંતા દેખી સૌએ કહી એને દિવાળી.

પ્રભુના ભાઈ રાજા નંદીવર્ધને પ્રભુના અંતિમસંસ્કાર સ્થળે સુંદર જલમંદિર બનાવ્યું જે આજે પણ પાવાપુરી જલમંદિરના નામે જગપ્રસિદ્ધ છે. દિવાળીની રાત્રે અહીં હજારો લોકોનો મેળો ભરાય છે. કલા અને સૌંદર્ય માટે જલમંદિરની નિર્માણ

શૈલીનાં જેટલાં વખાણ કરીએ તેટલાં ઓછાં છે. કમળનાં પુષ્પોથી લદોલદ ભરાયેલા આ તળાવની વચ્ચે મંદિરની કલ્પના પણ અદ્‌ભુત છે. થોડાં વર્ષ પૂર્વે મુંબઈની ગીરગામ ચોપાટીમાં આની એક પ્રતિકૃતિ તૈયાર કરીને પ્રભુની ભક્તિરૂપે દર્શનાર્થે રાખવામાં આવેલ. ઘણાખરા જૈન સંઘોએ પાવાપુરી જલમંદિરની પ્રતિકૃતિ બનાવડાવીને દર્શનાર્થે જિનાલયોમાં મૂકી છે અથવા પટરૂપે પણ તૈયાર કરાવી છે.

આ દિવાળીના મંગલ પ્રસંગે આપણે સહુ દિવાળીના મહત્ત્વને સમજીએ અને તે દિવસે દીપ પ્રગટાવતી વખતે આપણા અંતરમાં પણ જ્ઞાનદીપ પ્રગટે, આગણે આસોપાલવનાં તોરણ બાંધતાં દિલમાં પ્રેમ અને ભક્તિનાં તોરણ બંધાય તેવા ભાવ પ્રગટે તો દિવાળીનું મહત્ત્વ જીવનમાં અનેક ગણું વધી જશે.

એટલું ધ્યાન રહે કે દીપાવલી ભગવાન મહાવીરનું નિર્વાણ કલ્યાણક હોવા છતાં તે શોક કે ગ્લાનિનો પ્રસંગ નથી. આપણા આનંદમાં આપણા સાધર્મિક અને મૂગાં જાનવરો પણ સહભાગી થાય તેવાં કાર્યો કરીએ તો આનંદ અનેક ગણો વધી જશે. આપણો આનંદ પણ આરાધનામય બની જશે.

# સંસ્કાર–સંસ્કૃતિ અને ભારતીયતા

સ્નેહી સ્વજન,

સાચા સંસ્કાર અને સંસ્કૃતિ આપણને શ્રદ્ધા, અશ્રદ્ધા અને અંધશ્રદ્ધાનો તફાવત સમજાવે છે. ભારતીય સંસ્કૃતિનાં શાબ્દિક વખાણ આપણે પુષ્કળ ગાયાં કરીએ છીએ, પણ એ સંસ્કૃતિનું આચરણ થોડેઘણે અંશે પણ આપણે કરીએ છીએ કે કેમ એની ચિંતા આપણે રાખતા નથી. વિચાર અને આચાર, ઈચ્છા અને કૃતિ, હક અને કર્તવ્ય–એ દ્વંદ્વની વચમાં એક ઊંચી ને મજબૂત દિવાલ ઊભી કરી આપણે નિરાંતે બેસી ગયા છીએ. આ દિવાલો શું આપોઆપ થોડી તૂટી પડવાની છે? સમય પસાર થવા સાથે એ દિવાલો તો વધારે ને વધારે મજૂબત થતી જાય છે. આપણે બધા જે.જે.સી.ના સભ્યોની એ ફરજ બને છે કે આપણા હાથમાં બુદ્ધિવાદરૂપી તિકમ ઉઠાવી એ દિવાલને તોડી પાડવી. સભ્યતા, સંસ્કારિતા અને ભવ્ય પરંપરા સાથે ઘણી વાર સંસ્કૃતિ ભેગી થોડી વિકૃતિ આવી જાય છે. સંસ્કૃતિને નામે આપણે પ્રકૃતિનો પણ ઘણો અનાદર કરીએ છીએ. હું ઘણા સમારંભોમાં કહું છું કે માણસનો જન્મ આ દુનિયામાં બે વાર થાય છે. એક વાર પ્રકૃતિને ખોળે, બીજી વાર સંસ્કૃતિને ખોળે. જે.જે.સી.નું કર્તવ્ય છે કે જે સભ્ય સંસ્કૃતિને ખોળે બરાબર ન જન્મ્યો હોય તેને ગુજરાતી અને ભારતીય સંસ્કૃતિની અસ્મિતા સમજાવે. દરેક સેન્ટરે વર્ષમાં ઓછામાં ઓછા બે કાર્યક્રમ તો એવા રાખવા કે જે ગુજરાતી સંસ્કૃતિની અસ્મિતા જાળવે. આ તબક્કે વેણીભાઈ પુરોહિતની પંક્તિ યાદ આવી ગઈ...

''સહુ કોઈ સૂતા હો એમ કાં લો,
આપણામાંથી કો'ક તો જાગે!!!

આજના યુગની મુશ્કેલી એ છે કે આપણાં ભેજાં જ્ઞાનથી ભરેલાં છે, પણ આપણાં હૈયાં ખાલીખમ છે. આપણે એમ સમજીએ છીએ કે જરૂરિયાતોને વધારવામાં આપણી પ્રગતિ છે, નહીં કે માગો ઘટાડવામાં. આજનો માણસ દરેક વસ્તુની કિંમત સમજે છે, પણ તેનું મૂલ્ય નથી સમજતો. આપણે સભ્યોને એ સમજાવવાનું છે કે માણસાઈ ભારતીય સંસ્કૃતિનો આત્મા છે અને ભારતીય સંસ્કૃતિનો સાચો આત્મા તેની ત્યાગવૃત્તિમાં સમાયેલો છે. વૈજ્ઞાનિક વિકાસ કરતાં કરતાં મનુષ્ય અત્યારે એવી જગ્યાએ પહોંચી ગયો છે કે ત્યાંથી આગળ વધવા એને સંપૂર્ણ સંસ્કૃતિ-શાંતિની સંસ્કૃતિ જોઈશે.

...અને અંતમાં શું ભારતીયતાની વ્યાખ્યા થઈ શકે? કદાચ નહીં, કારણકે ભારતીયતા એ વ્યાખ્યામાં ન બંધાય એવી વિભાવના છે. હકીકતમાં એ આપણા લોહીમાં વહેતી ભાવના છે અને ભાવના અનુભવવાની હોય, વ્યાખ્યામાં બાંધવાની ન હોય. ભારતીયતા આપણને શીખવે છે કે જીવનની સાચી સફળતા ભક્તિમાં–સમર્પણમાં છે, શક્તિ અગર શાસનમાં નહીં.

*લિ. કિરણ શાહ*
આઈપી ચૅરમૅન :- જે.જે.સી.-સેન્ટ્રલ બોર્ડ

**સંસ્કૃતિ એટલે....**

સરવાળો સત્કર્મનો, ગુણોનો ગુણાકાર
બાદબાકી બૂરાઈની, ભ્રમનો ભાગાકાર
અને
ભારતીય સંસ્કૃતિ અને ભારતીયતા આપણને
God Fearing Men
નહીં, પણ God Loving Men થવાનું શીખવે છે.

www.csisite.com

# IMPROVE YOUR HEALTH SAFELY LOSE WEIGHT AND LIVE LONGER



Being overweight causes serious health risks such as Diabetes, Hypertension, Cardio Vascular Diseases, Strokes, Arthritis. People get treated for their symptoms like Joint pain, Breathlessness, Blood Pressure, increase in Blood Sugar but the main culprit is "Obesity", which often goes untreated. Weight loss prevents development of other lifestyle diseases as well and may reduce the need for medications that you may be on.

At CSI, we offer various options for weight loss which are always under the supervision of Team of Experience Physicians, Endocrinologist, Dieticians and other Specialists. Programmes offered include surgical as well as non- surgical options based on your requirement.

## NON-SURGICAL PROCEDURES INCLUDE

**Weight loss through Diet (upto 10 kgs)** This programme includes complete dietary and life style assessment by our Team of professionals. After the initial assessment required dietary as well as lifestyle changes are recommended by our experts. Regular follow up sessions are instituted till the desired weight loss has been achieved. The diet recommend is simple and easy to follow and will be tailored to your requirements and taste.

**CSI Beta - Diet Plan; (A healthy, New You!)** Imagine a new you just 40 days from now, 10 kgs lighter. Sounds unrealistic? But it's true. Celebrities have known of this secret diet for years and it has gained popularity recently. The CSI Beta –Diet weight loss plan will leave you amazed with it's incredible, "lasting results" as your metabolism resets to a healthier level. Weight loss is guaranteed if you stick to the protocol.

**What is the CSI Beta – Diet Plan?** The CSI Beta - Diet plan consists of nutritionally well balanced low calorie diet accompanied by a small dose of HCG. Most of our patients that were compliant lost an average of 10 kgs in just 40 days. In addition to loss of unwanted fat, the true benefits of the Beta –diet plan is its ability to modify the dieter's relationship with Food & Eating, resulting in easily maintainable, long term weight loss. This plan can be safely used by men and women.

### Advantages of CSI Beta Diet plan over other Diet Plans:

- Resets your metabolism
- Reshapes your body by losing stubborn, abnormal fat in unwanted areas.
- No intensive exercise programme. • No surgery • No packaged food • Medically supervised.

### We also offer other surgical options for Weight Loss:

- Body contouring Surgery Liposuction & Tummy Tuck for instant shape change.
- Bariatric Surgery - For people who are moderately to Morbidly obese.
- Intragastric-balloon is a day care procedure which can result in average weight loss of 10 to 15 Kgs.

**Discounts upto 25% on Consultations & Procedure**

The Cosmetic Surgery Institute®

ભારતના શ્રેષ્ઠ પણ વિશ્વની શ્રેષ્ઠ છે

**Call: 91-22- 6733 7500 / 2661 7575**

8th Floor, Mangalmurti (Jack & Jones Building), Linking Road, Santacruz (W), Mumbai.54

ADVT

www.callistamumbai.com

# BEST OPPORTUNITY TO INVEST IN MUMBAI (INDIA)

## EXPERIENCE THE JOY OF OWNING A HOME THAT'S LIKE A 5 STAR HOTEL.

CALLISTA
1 & 3 BHK BOUTIQUE APARTMENTS
Andheri (E)

READY TO LIVE 1 & 3 BHK
FULLY FURNISHED & SERVICED
OWNERSHIP RESIDENCES

SHOW FLAT READY




Entrance Lobby - Actual Photograph


Bedroom - Actual Photograph


Personal Deck - Actual Photograph


Living Room - Actual Photograph


Kitchenette - Actual Photograph


Bathroom - Actual Photograph

## USPs

**Lifestyle Luxuries**
Grand Double Height Lobby | Multipurpose Room | Ready Kitchenette | Designer Toilet | Lavish Bedroom | Personal Decks

**Rooftop Indulgences**
Sky Infinity Pool | Sky Gymnasium | Sky Landscape Garden | Spa & Salon | Jogging Track | Gazebos | Business Centre & more

**24X7 Hospitality Services**
On-call Concierge | House Keeping Services | Daily-needs Services | Professional Services | Emergency Medical Services
Vallet Parking | Bell Boy | Utility Services

**Advantageous Location**
Domestic & International Airport- 3 Kms | Western Expressway- 0.3 Km Andheri Railway Station- 1.5 Km
Upcoming Metro Railway Station- 450 Mts. | All major conveniences- within 2 Km radius

**VISIT SITE TO EXPERIENCE CALLISTA CALL : 022 6748 8888 / 6700 3888**

A project by:
JOY & SAYLA REALTORS
Builders & Developers

306-310, Madhava, Bandra Kurla Complex, Bandra (E), Mumbai - 400 051
T: 022-6748 8888 / 6530 8013 • E: info@callistamumbai.com
W: www.joydevelopers.com

SITE ADDRESS: C.T.S. No. 81, Gundavali Village, Western Express Highway, Andheri (E), Mumbai, India. • T: 022 6566 9888 / 6566 9889

Contact: PARESH NAGDA • M: 98705 28769 • E: paresh@joydevelopers.com
HITEN • M: 98203 11765

Like us on: facebook.com/mumbaicallista
Follow us on: twitter.com/Callistamumbai
Join us on: linkedin.com/Callistamumbai
Virtual Tour youtube.com/mumbaicallista

ADVT

www.joydevelopers.com

# The landmarks of iconic lifestyle setting the benchmark of excellence and grandeur

Noted for creating unique architectural marvels of lifestyle and delivering them on time, Joy Developers is one of the leading groups in the real estate industry. With an aim to reach the next level of excellence in lifestyle, Joy Developers is now coming with its two residential marvels - Joy Adinath I and Joy Adinath II. Located in one of the most developing area of Mumbai, Bhandup (W), these two gems of lifestyle are perfectly adorned with top-of-the-line lifestyle amenities. Offering 2, 3 & 4 BHK premium homes and exclusive combination apartments, these two landmarks are the ideal epitomes of supreme lifestyle.

Come and experience the heights of high life with joy.

## JOY ADINATH - I
LBS Marg Bhandup (W)



### PROJECT HIGHLIGHTS

- 12 storeyed tower
- Spacious 2 & 4 BHK apartments
- A combination flat of 4 ½ BHK, per floor
- 13 ft. height stilt
- 10 ft. clear height in all flats
- The building frame will be of RCC as per ISI code
- Kid's play area and garden
- Centrally located off LBS Marg, Bhandup (W)
- Shopping malls, colleges, hotels and hospitals at close proximity

## JOY ADINATH - II
LBS Marg Bhandup (W)



### PROJECT HIGHLIGHTS

- Basement + Ground + 3 Podium + 13 storeyed tower
- Spacious 2 & 3 BHK apartments
- A combination flat of 4 ½ & 6 ½ BHK, per floor
- Well-equipped gymnasium, CCTV camera on common areas, Generator back up, Intercom facility, Rain water harvesting
- Landscape garden on ground floor & zen garden on terrace
- Designer bathrooms with best quality of sanitary fittings and fixtures
- Fire-fighting system

ADVT

JOY
In every moment of life
BUILDERS & DEVELOPERS

Site add : Joy Adinath, Opp. Joy Homes, Besides Dena Bank, Near Rly. Stn, L.B.S. Marg, Bhandup (W), Mumbai - 400 078.
